|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા – ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત
વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

તા. ૧૦-૦૧-૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨.૩૦ • શ્રેણી : **૧૯** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 19)**

**પ્ર. : ૧. સામા. પ્રતિ., કર્મગ્રંથ – ૨ ના આધારે જવાબ લખો :** **(૨૦)**

**(અ) નીચેના શબ્દોના અર્થ લખો :** ૫

(૧) સંઘાઈયા, સિજ્જંસ, સયંસંબુદ્ધાણં, સમાણે, સામાઈએ,
સુત્તાગમે, સમયં, સદ્દેણં સંકિએ, સચ્ચં.

(૨) નીચેના વાક્યો કયા પાપસ્થાનકના છે :
૧) શાક સમારવું (૨) ચોરબજારમાંથી ચંપલની ખરીદી કરી ૨
(૩) શીતલામાતાની સાતમ કરવી (૪) ક્રોધના આવેશમાં ગાળો બોલવી.

(૩) નીચેનામાં સંમૂર્ચ્છિમ મનુષ્યનો કયો પ્રકાર લાભે ? ૨
(૧) ગૂમડાનું પરૂ જ્યાં ત્યાં ફેંકવાથી (૨) ધારાવીની ખાડીમાં (૩) કૂતરાની વિષ્ટામાં
(૪) કે. ઇ. એમ.ના મડદાઘરમાં રહેલા મડદામાં.

(૪) (અ) જીવ અંગૂઠા જેવડો છે (બ) સાધુના ઉપકરણો પરિગ્રહ છે. ૧
આ બંને વાક્યો કયા મિથ્યાત્વના છે ?

**(બ) કર્મગ્રંથ :**

(૧) પેપર લખનાર શ્રાવક-શ્રાવિકા તમને નીચેની પ્રકૃતિનો બંધ કેટલા ને કયા ૨
ગુણસ્થાન સુધી થાય -(અ) મતિજ્ઞાનાવરણીય (બ) તિર્થંકર નામ
(ક) આહારક શરીર (ડ) સાદિ સંસ્થાન.

(૨) છ સંઘયણ, ત્રણ વેદ અને સંજવલનના ચોકનો બંધ કેટલા ગુણસ્થાન સુધી થાય ૫
અને બંધવિચ્છેદ ક્યાં થાય ?

(૩) મહાવિદેહના સાધુ કેવળજ્ઞાનાવરણીય ક્યાં ગુણસ્થાનક સુધી બાંધે ? બંધવિચ્છેદ ક્યાં થાય? ૧

(૪) પાંચમા ગુણસ્થાનકે ઔદારિક શરીરનો બંધ શા માટે ન થાય ? ૧

(૫) ત્રીજા ગુણસ્થાને આયુષ્યનો બંધ શા માટે ન થાય ? ૧

**પ્ર. : ૨. શ્રી આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો :** **(૫)**

(૧) સમારંભક્રિયા કેટલા પ્રકારની છે ? કઈ કઈ ? સમજાવો ૩

(૨) (અ) અત્થિ સત્થં પરેણ પરં અને (બ) જે ગુણે સે મૂલટ્ઠાણે, જે મૂલટ્ઠાણે સે ગુણે ૨
આ બે સૂત્રનો અર્થ લખો.

**પ્ર. : ૩. જ્ઞાતાધર્મકથાના આધારે જવાબ લખો (કોઈ પણ પાંચ) :** **(૧૦)**

(૧) મહાબલના છ મિત્રો ક્યાં ઉત્પન્ન થયા ?

(૨) મહાબલાદિ સાત અણગારોએ કયું તપ કર્યું ?

(૩) ઔદારિક શરીરના પુદ્ગલોનું પરિણમન કેવું છે ?

(૪) ચોક્ષા કોણ હતી ? એણે શું ઉપદેશ આપ્યો ?

(૫) દેશનિકાલ થયેલો ચિત્રકાર ક્યાં ગયો ? શું પરિણામ આવ્યું ?

(૬) આ અધ્યયનનો ઉપસંહાર લખો.

(૭) મલ્લીકુમારની દીક્ષાનું વર્ણન લખો.

(૮) પિશાચનું રૂપ અને વાણી કેવાં હતા ? તેણે શું કર્યું ?

**અથવા**

(પાછળ જુઓ)

**નિરયાવલિકાના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ) :** **(૧૦)**

(૧) નિરયાવલિકા કેટલામું ઉપાંગ છે ? કાલિક છે કે ઉત્કાલિક ? અધ્યયન કેટલા છે ? તેમાં કઈ નગરીના કયા રાજાનું વર્ણન છે ?
(૨) રથમૂસલ સંગ્રામનું વર્ણન લખો.
(૩) કાલી રાણી કેવી રીતે ભગવાન પાસે જવા નીકળી ?
(૪) કાલકુમાર શું કરતા મૃત્યુ પામ્યા ત્યારે કઈ લેશ્યામાં ક્યાં ઉત્પન્ન થયા, ત્યાં કેટલી સ્થિતિ પ્રાપ્ત થઈ ?
(૫) ચેલણાને શું દોહદ થયો ?
(૬) શ્રેણિક રાજાએ ચેલ્લણાને કેવી વાણીથી આશ્વાસન આપ્યું ?
(૭) કોણિકે ચેલ્લણા રાણી પાસેથી પોતાના પિતાનું સ્નેહરાગયુક્તનું વૃત્તાંત સાંભળીને માતાને શું કહ્યું ?

**પ્ર. : ૪. ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો :** **(૧૦)**

(૧) નારકી કેટલા કારણે અહીં ન આવી શકે ? કયા કયા ? ૪
(૨) ધર્મકથા કેટલા પ્રકારની છે ? કઈ કઈ ? ૨
(૩) સુખશય્યા કેટલા પ્રકારની છે ? એમાંથી ચોથી લખો. ૪

**પ્ર. : ૫. ઉપાસકદશાંગ સૂત્ર અને શ્રી અંતકૃતદશાંગ સૂત્રના આધારે જવાબ લખો :** **(૨૦)**

(૧) ચૂલણીપિતા કઈ નગરીના કયા રાજાના શાસન વખતે થયા ? તેમની ઋદ્ધિ કેટલી હતી? ૩
એમની પત્ની અને માતાનું નામ શું હતું ? દેવે ઉપસર્ગ આપ્યો ત્યારે શું કરતા હતા ?
(૨) ચૂલણીપિતાનું ભવિષ્યકથન લખો. ૨
(૩) દેવકીએ ભિક્ષાદાન કેવી રીતે કર્યું ? કેટલી વાર કર્યું ? ૩
(૪) દેવકીએ શું આર્તધ્યાન કર્યું ? ૩
(૫) કૃષ્ણ મહારાજે બીજે દિવસે ગજસુકુમારમુનિના દર્શન કરવા જતા હતા ત્યારે રસ્તામાં શું કર્યું ? ૩
(૬) કૃષ્ણ વાસુદેવ નાનાભાઈ સાથે અરિષ્ટનેમિ પાસે જવા કેવી રીતે નીકળ્યા ? ૩
(૭) ગજસુકુમારના માથા પર અંગારા મૂકાણા પછી ગજસુકુમારે શું કર્યું ? ૩

**પ્ર. : ૬. દશવૈકાલિક સૂત્ર :** **(૧૫)**

**(અ) ગાથા પૂરી કરો :** ૬

(૧) આસીવિસો .....મોક્ખો (૨) લજ્જા ..... પૂયયામિ (૩) પેહેઈ .....આયયટ્ઠિએ.

**(બ)** (૧) ધર્મરૂપી વૃક્ષ કેવું છે ? ૧
(૨) દેવના વિનય-અવિનયના ગુણદોષ લખો. ૪
(૩) કેવા સાધુ પૂજ્ય બને છે ? કોઈ પણ એક પ્રસંગ લખો ૨
(૪) કોણ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરે છે ? ૨

**પ્ર. : ૭. ભગવતી સૂત્રના થોકડાના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ)** **(૧૦)**

(૧) આચાર ધર્મના કેટલા ભેદ છે ? કયા કયા?
(૨) દર્શનાચારના ૧, ૩, ૫, ૭ એ ચાર લખો.
(૩) સંયમ જીવનના મળ ગુણ કેટલા છે ? કયા કયા?
(૪) પાંચમા ગુણસ્થાને કેટલા આત્મા? કયા કયા?
(૫) સુદકખુ જાગરિકા કોને કહેવાય ?
(૬) દર્શન આત્મા અને ચારિત્ર આત્માની વ્યાખ્યા લખો.
(૭) પાંચેય ગતિમાં દરેક ગતિમાં કેટલા આત્મા હોય ?

**પ્ર. : ૮. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના થોકડાના આધારે જવાબ લખો :** **(૧૦)**

(૧) સંવુડા આદિ ત્રણ પ્રકારની યોનિના અર્થ લખી ૨૪ દંડકમાં કોને કઈ કઈ યોનિ હોય છે તે લખો તથા તેનો અલ્પબહુત્વ લખો. ૪
(૨) કચ્છ, વંશપત્તા, શંખાવર્ત યોનિ કોને કહેવાય ? તે કોને કોને હોય ? ૩
(૩) ઈરવતના મનુષ્ય, સંમુર્ચ્છિમ મનુષ્ય, બાદર તેઉકાય અપર્યાપ્તા, સંજ્ઞી હાથી, સૂક્ષ્મ નિગોદ અને બેઈન્દ્રિય તે છનો ઉપપાત્ અને સમુદ્ઘાત લખો. ૩

"જય જિનેન્દ્ર"